મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

૧૮-૧૦-૨૦૨૫
શનિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૮૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯, અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## મહેસાણા સહિતના તમામ શહેરોમાં દિવાળીના તહેવારોમાં ભેળસેળીયા ફરસાણ અને મિઠાઈઓનું ધૂમ વેચાણ

# જિલ્લાનું ફુડ વિભાગ પેટ ભરીને બેસી ગયું અખાદ્ય મનાતા પદાર્થો દિવાળીના તહેવારોમાં ખાઈ જનતા મરે તો ભલે મરે!

**દર વર્ષની જેમ રાબેતા મુજબ તપાસ ચાલુ છે તેનું ગાણું ગાતા તંત્રની કેસેટ હવે ચવાઈ ગયેલી લાગે છે તપાસના નામે મિંડુ છતાં સબ સલામતના દાવા**

**ફુડ તંત્રના અધિકારીઓનો વેપારીઓને છૂટો દૌર, ચકાસણીના નામે દરોડા પાડી લોકો નકલી મનાતો માલ ખાઈલે પછી તંત્ર દુકાનોમાંથી કબજે લેશે**

**લોકોના પેટમાં ભેળસેળિયો માલ જતો રહે પછી લેબ રિપોર્ટ આવશે કે એ માલ તો ખાવા લાયક હતો જ નહિ પછી સરકાર ફુડ સેફ્ટીના તાયફા ભલેને બતાવતી !**









(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

દિવાળીનો તહેવાર એટલે આનંદ, ઉત્સાહ અને મીઠાઈઓ-ફરસાણની મહેકથી ભરેલો સમય. પરંતુ મહેસાણા શહેર અને જિલ્લાના તાલુકા મથકો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આ તહેવારની રોનક ભેળસેળના ઓથાર હેઠળ ઝાંખી પડી રહી છે. બજારમાં વેચાતી મીઠાઈઓ અને ફરસાણમાં વપરાતી નિમ્ન ગુણવત્તાની સામગ્રી અને રસાયણોના ઉપયોગે લોકોના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું કર્યું છે.સ્થાનિક બજારોમાં ખોટા ઘી, નકલી ખોયા, અખાદ્ય રંગો અને અનહાઈજેનિક રીતે તૈયાર થતી મીઠાઈઓનું વેચાણ બેફામ થઈ રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં તો આ સ્થિતિ વધુ ગંભીર છે, જ્યાં નાના વેપારીઓ નફો કમાવવા માટે ગુણવત્તા સાથે ચેડાં કરી રહ્યા છે. સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર, ઘણી મીઠાઈઓમાં વાસી ખોયા અને સસ્તા રંગોનો ઉપયોગ થઈ રહ્યો છે, જેનાથી ખાદ્ય પદાર્થોનો સ્વાદ તો બગડે જ છે, પરંતુ તેના લીધે પેટના રોગો અને ફૂડ પોઈઝનિંગનું જોખમ પણ વધી રહ્યું છે.આ બધા માટે સૌથી વધુ જવાબદાર ફૂડ અને ડ્રગ વિભાગની બેદરકારી હોવાનું જાણકાર સૂત્રો જણાવી રહ્યા છે.

### દર દિવાળીએ તંત્ર તપાસના નાટક કરે છે પણ નક્કર કામગીરી કરતું ન હોવાના આક્ષેપ

**સ્થાનિક સામાજિક કાર્યકરના જણાવ્યા પ્રમાણે, "દર વર્ષે દિવાળીના સમયે આ જ સ્થિતિ હોય છે. ફૂડ વિભાગના અધિકારીઓએ જો નિષ્પક્ષ રીતે કામગીરી કરી હોત તો આજે આ સ્થિતિ ન સર્જાત. સરકારે આ મામલે કડક પગલાં લેવા જોઈએ અને ભેળસેળ કરનારા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ."આ સ્થિતિનો ઉકેલ લાવવા માટે ફૂડ વિભાગે તાત્કાલિક બજારોમાં નિયમિત તપાસ શરૂ કરવી જોઈએ.**

### ફૂડ વિભાગના અધિકારીઓ તહેવારો પૂર્વે પોતાના પેટ ભરી લે છે

**ફૂડ વિભાગના અધિકારીઓ તહેવારોની શરૂઆત પૂર્વે જ વેપારીઓ પાસેથી નાણાકીય લાભ લઈ લે છે, જેના કારણે નિયમિત તપાસ કે નમૂના લેવાની પ્રક્રિયા માત્ર ખાનાપૂર્તિ બની રહે છે. જિલ્લાના વિવિધ તાલુકા મથકો અને ગામડાઓમાં ફૂડ ઈન્સ્પેક્ટરોની મુલાકાત નજીવી હોવાનું સ્થાનિકોનું કહેવું છે. આના પરિણામે ભેળસેળ કરનારા વેપારીઓ બેફિકર બનીને ખુલ્લેઆમ નકલી ખાદ્ય પદાર્થોનું વેચાણ કરી રહ્યા છે.**

### લોકો ઝેર ખાઈ લે પછી રિપોર્ટ આવે અથવા તો આવતા પણ નથી

**ફૂડ અને ડ્રગ વિભાગ દ્વારા લેવામાં આવતા નમૂનાઓની તપાસના અહેવાલો પણ ઘણીવાર જાહેર થતા નથી, જેના કારણે લોકોમાં વિભાગની પારદર્શિતા પર પણ સવાલો ઉઠી રહ્યા છે. ગ્રાહકોનું કહેવું છે કે, જો વિભાગ દ્વારા નિયમિત અને કડક તપાસ કરવામાં આવે તો ભેળસેળની સમસ્યા પર નિયંત્રણ મેળવી શકાય. પરંતુ વિભાગની ઢીલી નીતિઓ અને નબળા અમલીકરણના કારણે આમ જનતાના સ્વાસ્થ્ય સાથે ખેલ ચાલી રહ્યો છે.**



### ગ્રાહકોએ પણ મીઠાઈ ફરસાણ ખરીદતી વખતે જાગૃતિ કેળવવી જોઈએ

**દિવાળીના તહેવારમાં મીઠાઈ અને ફરસાણ ખરીદતા ગ્રાહકોએ પણ જાગૃત થઈને ખરીદી કરતી વખતે ગુણવત્તા પર ધ્યાન આપવું જોઈએ. દિવાળીના આ પવિત્ર તહેવારમાં જનતાના સ્વાસ્થ્યની સુરક્ષા માટે સરકાર અને ફૂડ વિભાગે પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવવી જોઈએ, જેથી લોકો નિશ્ચિંતપણે તહેવારની ઉજવણી કરી શકે.**

### ગ્રાહકો માટે સલાહ

**મીઠાઈ અને ફરસાણ ખરીદતી વખતે પ્રમાણિત દુકાનોમાંથી જ ખરીદી કરો. ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને તાજગી તપાસો.**

**● ફૂડ વિભાગને સૂચન●**

**નિયમિત તપાસ, પારદર્શક અહેવાલ અને ભેળસેળ કરનાર વેપારીઓ સામે કડક કાર્યવાહી જરૂરી. જનજાગૃતિઃ સ્થાનિક સંસ્થાઓ અને શિક્ષણ સંસ્થાઓએ ભેળસેળ વિરુદ્ધ જાગૃતિ અભિયાન ચલાવવું જોઈએ.**

## વહાણવટી સ્વીટ માર્ટ લોકો માટે મોતનો દરવાજો

**મહેસાણા શહેરના લકી પાર્ક સોસાયટીની બાજુમા વર્ષોથી ધમધમતો વહાણવટી નકલી માવાનો કારોબાર જીલ્લાના ફુડ વિભાગની મહેરબાનીથી લોકોના મોતનું દ્વાર સાબિત થઈ રહ્યો છે તેમ છતાં ફુડ વિભાગના અધિકારીઓનું વલણ અહિં નબળામાં નબળી સ્થિતિમાં જોવા મળી રહ્યું છે. વર્ષોથી અખાદ્ય પદાર્થો ઉમેરીને નકલી માવો બનાવતાં વહાણવટી પેઢીના માલિકના ત્યાં તંત્ર દેખાણા ખાતર દરોડા પાડી નકલી માવો જપ્ત કરે છે પણ પેઢીનો માલિક વહાણભરીને પ્રસાદી ધરી દેતો હોઈ લેબમાં મોકલેલા એક પણ સેમ્પલ અખાદ્ય સાબિત આપતાં આવતા નથી. તો પછી બોલો તંત્રની અહિ પારદર્શક કામગીરી કયાં રહી ?**




**વહાણવટી સ્વીટ માર્ટના ગોડાઉન ઉપર તંત્ર દ્વારા દિવાળી તહેવાર પૂર્વે દરોડો પાડવામાં આવે તો મોટા પ્રમાણમાં નકલી માવો પકડાઈ શકે તેમ છે અને જો એના સેમ્પલ લેબોરેટરીમાં ટેસ્ટ કરવામાં આવે તો દૂધનું દૂધ અને માવાનો માવો તરી આવે તેમ છે. પણ આ બધી બાબતમાં ફુડ વિભાગ અને તેમની લેબોરેટરીના અધિકારીઓની દાનત અરીસાની જેમ સાફ હોવી જોઈએ. જો કે જાણકાર સૂત્રો કહે છેકે, ફરી અધીકારીઓ તેમની દાનત સાફ નહિ રાખે કારણ કે, દરોડો પડે અને સેમ્પલ લેવાશે એટલે તરત વહાણવટી માવાનો માલિક અધિકારીઓની મોટી દાવત આપીને બધુ જ રફેદફે કરી નાંખે તેવી છાપ ઉભી થયેલી જ છે. એટલે અધીકારીઓ દાવતનો અસ્વીકાર કરી પોતાના આત્મા ઉપર હાથ રાખી દાનત સાફ રાખે તો જ આમ જનતાને મોતના દ્વારેથી પાછા વાળી શકાય તેમ છે.**

### વિસનગરમાં સગીરા ગુમ થતા અપહરણનો ગુનો દાખલ

## શાકભાજી લેવા નીકળેલી સગીરાને યુવક લગ્નની લાલચ આપીને ભગાડી ગયો

વિસનગર તાલુકાના એક ગામમાંથી શાકભાજી લેવા નીકળેલી એક સગીરા પરત ન ફરતા ગુમ થઈ હતી. પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી, પરંતુ સગીરા ન મળતા એક યુવક વિરુદ્ધ અપહરણની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.ઘટના સમયે સગીરા તેની દાદી સાથે ઘરે હાજર હતી, જ્યારે તેની માતા અને ભાઈ કામકાજ અર્થે બહાર ગયા હતા. બપોરના સમયે સગીરા ગામમાં શાકભાજી લેવા જવાનું કહીને ઘરેથી નીકળી હતી. જોકે, ઘણો સમય વીતી જવા છતાં તે પરત ન આવતા પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી.સગીરાની માતા ઘરે પરત ફરતા દાદીએ જાણ કરી હતી, ત્યારબાદ પરિવારજનોએ સગાં-સંબંધીઓમાં પણ તપાસ કરી હતી, પરંતુ સગીરાની કોઈ ભાળ મળી ન હતી. બાદમાં તેમને જાણવા મળ્યું કે સગીરાને ઉપેરા મોટોવાસ, તા. ઊંઝા, જી. મહેસાણાના ઠાકોર વિજયજી શિવાજી સાથે પ્રેમ સંબંધ હતો.

### ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ કુદરતી રંગકામ પ્રક્રિયામાં વ્યવહારુ અનુભવ પ્રદાન

## નૂતન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા ત્રણ દિવસીય કુદરતી રંગકામ વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

નૂતન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા **SUSTAINABLE SHADES ON NATURAL DYEING** (ત્રણ દિવસીય કુદરતી રંગકામ) વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું



પટેલ યુનિવર્સિટી દ્વારા "કુદરતી રંગકામ પર ટકાઉ શેડ્સ" વિષય પર ત્રણ દિવસના વર્કશોપનું સફળતાપૂર્વક

નૂતન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NIDC), સાંકળચંદ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ કુદરતી રંગકામ પ્રક્રિયામાં વ્યવહારુ અનુભવ પ્રદાન કરવાનો હતો.

આ વર્કશોપનું સંચાલન વિષય નિષ્ણાત શ્રી નરેશ ખેંગર (સિજુ) દ્વારા કરવામાં આવ્યું હતું, જેમને કુદરતી રંગકામ અને પરંપરાગત કાપડ કલાના ક્ષેત્રમાં ૧૮ વર્ષનો અનુભવ છે. વર્કશોપના ઉદ્ઘાટન સત્રમાં યુનિવર્સિટીના મુખ્ય પેટ્રન શ્રી પ્રકાશ પટેલ (પ્રમુખ, SPU), પેટ્રન, પ્રો. (ડૉ.) પ્રફુલકુમાર ઉદાણી (પ્રોવોસ્ટ, SPU), કન્વીનર, પ્રો. (ડૉ.) પરિમલ ત્રિવેદી (ડીન, એફડી, એફએમસીજે), પ્રિન્સિપાલ, ડૉ. અખિલેશ ઉપાધ્યાય (NIDC), સહ-કન્વીનર્સ, ડૉ. સોનુ મહેતા (વરિષ્ઠ સહાયક પ્રોફેસર), શ્રીમતી સ્નેહા પટેલ (સહાયક પ્રોફેસર), અને તમામ ફેકલ્ટી સભ્યો હાજર રહ્યા હતા.દરરોજ સવારે ૯:૦૦ થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી યોજાનારી આ ત્રણ દિવસીય વર્કશોપમાં વિદ્યાર્થીઓને હરદા (પીળો), ઈન્ડિગો (વાદળી) અને દાડમની છાલ (ગુલાબી) જેવા કુદરતી રંગોનો ઉપયોગ કરીને કાપડ રંગવાની તકનીકો શીખવવામાં આવી હતી.

પ્રથમ દિવસે સહભાગીઓએ રંગની અશુદ્ધિઓ દૂર કરવા માટે ઉકાળો અને કાપડ તૈયાર કરવા માટે પ્રારંભિક રંગ પ્રયોગો કર્યા. બીજા અને ત્રીજા દિવસે, નિષ્ણાતોએ કુદરતી મોર્ડન્ટનો ઉપયોગ કરીને રંગ ફિક્સેશનની પદ્ધતિઓ શીખવી.

આ વર્કશોપથી વિદ્યાર્થીઓમાં ટકાઉ કાપડ ઉત્પાદનની સમજ મજબૂત થઈ અને તેમને પર્યાવરણને અનુકૂળ અને સર્જનાત્મક અભિગમો અપનાવવા પ્રેરણા મળી.આચાર્ય ડૉ. અખિલેશ ઉપાધ્યાયે સમજાવ્યું કે આવી વર્કશોપ વિદ્યાર્થીઓને વ્યવહારુ અનુભવ પ્રદાન કરે છે અને સાથે સાથે તેમને ટકાઉ ડિઝાઈન અને પરંપરાગત જ્ઞાનને એકીકૃત કરવામાં પણ સક્ષમ બનાવે છે.




## જે રાજકીય પક્ષો કોઈને પણ ઉમેદવાર તરીકે નિયુક્ત કરે છે તેઓ તેમના કાર્યકરો સાથે અન્યાય કરી રહ્યા છે

બિહારમાં રાજકીય પક્ષો આજકાલ માત્ર સીટ-શેરિંગ માટે જ નહીં પરંતુ તેમના નેતાઓ ઝડપથી પક્ષ બદલી રહ્યા હોવાથી પણ સમાચારમાં છે. તેમની ગણતરી કરવી મુશ્કેલ છે, કારણ કે દરરોજ એક અથવા બીજા પક્ષના નેતા પોતાનો પક્ષ છોડી રહ્યા છે. પક્ષ છોડી ચૂકેલા આ નેતાઓમાં ધારાસભ્યો, ભૂતપૂર્વ ધારાસભ્યો અને ભૂતપૂર્વ સાંસદો તેમજ અન્ય પદાધિકારીઓનો સમાવેશ થાય છે. કેટલાક અન્ય પક્ષોમાં જોડાયા છે, જ્યારે કેટલાક તેમ કરવાની તૈયારી કરી રહ્યા છે.

પક્ષપલટાના આ યુગમાં, કેટલાક નેતાઓ પક્ષ બદલી રહ્યા છે કારણ કે તેઓ તેમના પુત્રો અને પુત્રીઓને ચૂંટણીમાં ઉતારવા માંગે છે. જે લોકો પોતાનો પક્ષ છોડી રહ્યા છે તેઓ એમ પણ કહે છે કે તેમનો પક્ષ હવે પહેલા જેવો રહ્યો નથી. તે એક ચોક્કસ જાતિ અથવા સમુદાય પ્રત્યે દુશ્મનાવટભર્યો બની ગયો છે, અને તેના નેતાઓ ચાતુર્યથી ઘેરાયેલા છે. કારણ કે કોઈ તેમને પૂછતું નથી કે તેમને ક્યારે આ વાતની ખબર પડી, તેઓ કહેતા પણ નથી.બિહારમાં તકવાદી અને પક્ષપ્રેમી નેતાઓની સાથે, કેટલાક ગાયકો અને અભિનેતાઓ પણ સમાચારમાં છે કારણ કે તેઓ ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે. આમાંથી એક પવન સિંહ છે અને બીજો મૈથિલી ઠાકુર છે. તાજેતરમાં, પવન સિંહ ગૃહમંત્રી અમિત શાહ સાથે મળ્યા હતા. ભાજપે તેમને લોકસભા ચૂંટણીમાં બંગાળથી મેદાનમાં ઉતાર્યા હતા. તેઓ આસનસોલ ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે તૃણમૂલ કોંગ્રેસે તેમના કેટલાક અશ્લીલ ગીતોનો ઉલ્લેખ કરીને તેમના પર હુમલો કર્યો હતો.

પરિણામે, ભાજપ ખચકાઈ ગઈ, અને પવન સિંહે પોતે ચૂંટણી લડવાનો ઈનકાર કર્યો. આ સાથે, ભાજપ પ્રત્યેની તેમની નિષ્ઠા અદશ્ય થઈ ગઈ, અને તેમણે બિહારના કરકટથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી. તેઓ માત્ર ચૂંટણી હારી ગયા જ નહીં, પરંતુ કરકટ અને અન્ય લોકસભા મતવિસ્તારોમાં ભાજપના ઉમેદવારોને હરાવ્યા. વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવતાં, ભાજપ પ્રત્યેનો તેમનો પ્રેમ ફરી વધ્યો.જ્યારે તેઓ ગૃહમંત્રીને મળ્યા, ત્યારે તેમને કહેવામાં આવ્યું કે તેઓ ઘરે પાછા ફર્યા છે. તેમણે જવાબ આપ્યો, ×તેમણે ક્યારે ભાજપ છોડ્યું?× આ પછી, જ્યારે તેમની પત્નીએ તેમની વિરુદ્ધ ઝુંબેશ શરૂ કરી, ત્યારે સમાચાર આવ્યા કે તેમણે ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો છે. આ કહેતી વખતે, તેમણે એમ પણ કહ્યું કે તેઓ ભાજપના સાચા સૈનિક છે. શું આ પર વિશ્વાસ કરી શકાય?

દરભંગાના અલીનગરથી લોક ગાયિકા મૈથિલી ઠાકુરને ભાજપના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતારવાની ચર્ચા ચાલી રહી છે. પરિણામ એ આવ્યું છે કે અલીનગરના ભાજપ ધારાસભ્યએ પાર્ટી છોડી દેવાની જાહેરાત કરી છે. જ્યારે પવન સિંહ અથવા મૈથિલી ઠાકુર જેવા કલાકારો, અથવા વર્તમાન કે ભૂતપૂર્વ અમલદારો ચૂંટણી લડી રહ્યા છે તેમાં કંઈ ખોટું નથી, જ્યારે તેઓ અચાનક મેદાનમાં ઉતરે છે, ત્યારે તેઓ જે પણ પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે તેના સંભવિત ઉમેદવારોની આશાઓ પર પાણી ફેરવી નાખે છે.ઘણીવાર આવા નેતાઓ કાં તો બળવો કરે છે, આંતરિક તોડફોડમાં જોડાય છે અથવા નિષ્ક્રિય થઈ જાય છે. વધુમાં, પક્ષના કાર્યકરોનો એક ભાગ જે નેતા બનવાનું અને આખરે ચૂંટણી લડવાનું સ્વપ્ન જુએ છે તે નિરાશ થઈ જાય છે. બધા પક્ષો આવા કાર્યકરોના સપનાઓને ચકનાચૂર કરવા માટે સમાન રીતે પ્રયાસ કરે છે. તેઓ ગમે ત્યાંથી કોઈપણને મેદાનમાં ઉતારવાના તેમના નિર્ણયને યોગ્ય ઠેરવે છે, એવો દાવો કરીને કે તેમણે વિજેતા ઉમેદવારો પર દાવ લગાવવો પડશે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# કોઈની નબળી કામગીરી તો કોઈનું સ્કેમમાં નામ આવતાં ૧૦ મંત્રીઓને પડતા મુકાયા

**મૂળ કોંગ્રેસના મંત્રી હોય એવા ચહેરાઓ વધુ કપાયા : ભાનુબેન બાબરિયાને નરમ તબિયત તથા ટેન્ડરોમાં રસ લીધા હોવાનું હાઈકમાન્ડના ધ્યાનમાં આવતા પડતા મૂક્યા**

**મુળુભાઈ બેરાને પ્રવાસનમાં વધતી ભ્રષ્ટાચારની ફરીયાદો અને નબળી કામગીરીની નડી ગઈ**

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં ૨૦૨૭ની વિધાનસભાની ચૂંટણી પહેલાં સરકારનું મંત્રી મંડળ બદલાય ગયું છે. જેમાં અનેક નવા ચહેરા અને કેટલાક મંત્રીઓ રિપીટ થયા છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળના ભાજપ સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ કરાયું છે.



ગુજરાતના નવા મંત્રીમંડળ માટે કુલ ૨૬ મંત્રીની યાદી જાહેર કરાઈ છે. આ યાદીમાં જૂના ૧૦ મંત્રીઓને સ્થાન નથી અપાયું. ૧૬ ઓક્ટોબર, ગુરુવારે રાજ્યના ૧૬ મંત્રીએ રાજીનામા આપ્યા બાદ આજે મહાત્મા મંદિરમાં શપથવિધિ શરૂ થઈ ગઈ છે. સૌથી પહેલા હર્ષ સંઘવીએ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

CM ભૂપેન્દ્ર પટેલ સહિત ૨૬ મંત્રીઓ બનાવાયા છે, જોકે જૂના ૨૬ મંત્રીમાંથી માત્ર ૬ મંત્રીને જ રિપીટ કરાયા છે અને ૧૦ને પડતા મૂકવામાં આવ્યા છે, જ્યારે ૧૯ નવા ચહેરાને મંત્રીમંડળમાં સ્થાન મળ્યું છે. મૂળ કોંગ્રેસના મંત્રી હોય એવા ચહેરાઓ વધુ કપાયા છે, જેથી મંત્રીમંડળમાં મૂળ કોંગ્રેસી મંત્રીઓનું સ્થાન ઘટ્યું છે.

મૂળ કોંગ્રેસના હોય અને જે મંત્રીઓ કપાયા છે, એમાં બળવંતસિંહ રાજપૂત, ભીખુસિંહ પરમાર, કુંવરજી હળપતિ અને રાઘવજી પટેલનો સમાવેશ થાય છે, જ્યારે કુંવરજી બાવળિયાને યથાવત્ રખાયા છે.

આ મંત્રી મંડળમાં અનેક એવા દિગ્ગજો છે જેને પડતાં મુકાતા ભારે ચર્ચા જાગી છે. જેમાં ભાનુબેન બાબરીયા, મૂળુ બેરા, રાઘવજી પટેલ જેવા દિગ્ગજો દિગ્ગજો નો સમાવેશ થાય છે. પરંતુ મળતી માહિતી મુજબ જે નેતાઓને મંત્રી મંડળમાં સમાવેશ કર્યો નથી તેની પાછળ પણ અનેક કારણો છે. જેમ કે પુરવઠા રાજ્યમંત્રી ભીખુસિંહ પરમાર ણ સ્કેમમાં નામ ઉછળતા તથા પુત્રોએ રીક્ષા ચાલકને માર મારતા છબિ ખરડાઈ તથા નબળું પર્ફોર્મન્સ જાણવા મળ્યું છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાને નરમ તબિયત તથા ટેન્ડરોમાં રસ લીધા હોવાનું હાઈકમાન્ડના ધ્યાનમાં આવતા પડતા મૂક્યા, શિક્ષણમંત્રી મૂળુ બેરા પ્રવાસનમાં વધતી ભ્રષ્ટાચારની ફરિયાદો તથા કામગીરીમાં ઢીલાશ. નિષ્ક્રિયતા મહત્વનું પરિબળ છે.કૃષિમંત્રી રાઘવજી પટેલમાં ખેડૂતોમાં ભારોભાર નારાજગી અને એક મહિલૌં છજી તેમનું સાંભળતા જ નથી અને નિર્ણય લેવામાં ઢીલાશ,રાજ્ય કક્ષાના મંત્રી બચુ ખાબડને મનરેગાના કામોમાં પુત્રોએ કરેલો કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર નડી ગયો.કામગીરી પણ તદ્દન નબળી રહી હતી.ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતનો નરમ સ્વભાવ અને અપેક્ષા મુજબ ઉદ્યોગોનો વિકાસ ન થઈ શક્યો. અધિકારીઓ પર પકડનો સદંતર અભાવ તેમજ નબળી નિર્ણયશક્તિ જવાબદાર છે.

કેબિનેટ મંત્રી કુબેર ડિંડોરને ભ્રષ્ટાચાર તથા તેમના અધિકારીઓ સાથે ઝઘડાઓ થતા હતા. જેની ફરિયાદો મુખ્યમંત્રી સુધી ગઈ હતી.સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા પ્રદેશ પ્રમુખ બનતા ભાજપના નિયમ મુજબ એક વ્યક્તિ એક હોદ્દાને કારણે રાજીનામું આપે છે.

આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિ મંત્રી હોવાની ઈમેજ બનાવી શક્યા નહીં, મંત્રી તરીકે ભાગ્યે જ કોઈ ઓળખતું હશે. જેમાં કામગીરી પણ નબળી હોવાનું જાણવા મળ્યું છે.વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલ પુત્રના ગન લાયસન્સ વિવાદમાં ફસાયા અને પોતાની નબળી કામગીરી નડી ગઈ.

# દિવાળી તહેવારોને લઇ આરોગ્ય વિભાગ એલર્ટ : બનાસકાંઠા જિલ્લામાં ૪૩ એમ્બ્યુલન્સ, ૧૮૦ કર્મચારીઓ તૈનાત રહેશે

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૭

બનાસકાંઠા જિલ્લામાં દિવાળીના તહેવારો દરમિયાન ૧૦૮ એમ્બ્યુલન્સના ઈમરજન્સી કોલમાં ૪૧ થી ૪૭ ટકાનો વધારો થવાની સંભાવના છે. આ સંભવિત વધારાને પહોંચી વળવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સની ૪૩ ટીમો અને ૧૮૦ કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે.



સામાન્ય રીતે, બનાસકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સને દૈનિક સરેરાશ ૧૦૨ કોલ મળતા હોય છે. જોકે, તહેવારોના દિવસોમાં આ સંખ્યામાં નોંધપાત્ર ઉછાળો જોવા મળે છે. આ વર્ષે ૨૦ ઓક્ટોબરે દિવાળીના દિવસે અંદાજે ૯૭ કોલ, ૨૨ ઓક્ટોબરે બેસતા વર્ષના દિવસે ૧૪૪ કોલ અને ૨૩ ઓક્ટોબરે ભાઈબીજના દિવસે ૧૫૦ કોલ મળવાનો અંદાજ છે.

ગત વર્ષના આંકડાઓ પણ તહેવારોમાં કોલ વધારાની પુષ્ટિ કરે છે. ગત વર્ષે તહેવારોના ત્રણ દિવસમાં ૩૭૦ થી વધુ કોલ આવ્યા હતા, જેમાં દિવાળીના દિવસે ૯૯, નવા વર્ષના દિવસે ૧૩૧ અને ભાઈબીજના દિવસે ૧૪૩ કોલનો સમાવેશ થાય છે.

બનાસકાંઠા જિલ્લા ૧૦૮ ના પ્રોગ્રામ મેનેજર બળદેવભાઈ રબારીએ જણાવ્યું હતું કે, દિવાળીના રજાના માહોલ વચ્ચે પોલીસ, ફાયર બ્રિગેડ અને મેડિકલ સ્ટાફની જવાબદારી વધી જાય છે. EMRI GREEN HEALTH SERVICES ૧૦૮ એમ્બ્યુલન્સનો સ્ટાફ પણ આ સમયગાળા દરમિયાન વધુ એલર્ટ રહે છે.તહેવારો દરમિયાન અકસ્માત, ફટાકડા ફૂટવાથી શ્વાસની તકલીફ, મીઠાઈ અને ખાણી-પીણીને કારણે પેટના દુખાવાની ફરિયાદો, દાઝી જવાના કેસ, તેમજ ડાયાબિટીસ અને બીપી સંબંધિત ઈમરજન્સીમાં વધારો થતો હોય છે.

લોકો વધુ ફરવા નીકળતા હોવાથી અકસ્માતના કિસ્સા પણ વધે છે.આ સંભવિત ઈમરજન્સીને પહોંચી વળવા માટે ૧૦૮ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**જાહેર સૂચના**

દિવાળી અને છઠ પૂજાના તહેવારો દરમિયાન યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને, અમદાવાદ (ADI) ડિવિઝને ખાસ વ્યસ્થાઓ કરી છે અને **૧૭/૧૦/૨૦૨૫ થી ૨૭/૧૦/૨૦૨૫ સુધી અમદાવાદ (ADI) અને સાબરમતી BG (SBIB) સ્ટેશન પર લિઝ ટ્રાફિક સહિત તમામ પ્રકારના પાર્સલ ટ્રાફિકની અવરજવર ઉપર પ્રતિબંધ મુકી દીધો છે.**

આ પહેલનો ઉદ્દેશ પ્લેટફોર્મ્સ અને સ્ટેશન સંકુલોમાં ભીડભાડ ઘટાડીને યાત્રીઓને બહેતર અનુકૂળતા પૂરી પાડવાનો છે. આ પ્રતિબંધ પ્લેટફોર્મ્સ અને સ્ટેશન વિસ્તારોમાં મુક્ત અવરજવર સુનિશ્ચિત કરવામાં મદદ કરશે, જેનાથી યાત્રીઓ માટે ટ્રેનોમાં ચઢવાનું અને ઉતરવાનું સરળ અને વધુ આરામદાયક બનશે.

ADI-187

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે. સાંજથી રાત સુધી નજીકમાં મુસાફરી થવાની સંભાવના છે.

**વૃષભ:** આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે. કેટલાક કામને લીધે રાજ્ય તરફથી થોડી સમસ્યા આવી શકે છે, સાવચેત રહો.

**મિથુન:** ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

**કર્ક:** આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમે પરિવાર સાથે મુસાફરીનો આનંદ મેળવશો.

**સિંહ:** આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે. શ્રેષ્ઠ માર્ગોથી પર્યાપ્ત આવક થશે, પરંતુ આવકના પ્રમાણમાં ખર્ચા વધુ થશે.

**કન્યા:** આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે. આજે હવામાન પણ અનુકૂળ રહેશે નહીં. આજે મોટી માત્રામાં ધન મળતા મનોબળ વધશે.

**તુલા:** આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે. આર્થિક લાભ થશે

**વૃશ્ચિક:** આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે. વ્યવસાયમાં પણ નોકરો અને ભાગીદારો તરફથી સારું વાતાવરણ રહેશે.

**ધન:** આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

**મકર:** આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

**કુંભ:** આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

**મીન:** આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે કામ કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે જે તમારી આસપાસના અન્ય સાથીદારોમાં વધતી કડવાશને કારણે મુશ્કેલી ઊભી કરી શકે છે.



## ફિલ્મી ગપશપ

### ‘કાંતારા ચેપ્ટર ૧’ ની રફતાર ધીમી પડી : હ્લસની સંસ્કારી...’ ૧ કરોડ સુધી પણ પહોંચી શક્યું નહીં

**ફિલ્મે રિલીઝના પહેલા દિવસે ૬૧.૮૫ કરોડની કમાણી કરીને રેકોર્ડ બનાવ્યો**

મુંબઈ, તા.૧૭

આ દિવસોમાં, દક્ષિણ ભારતીય અને બોલિવૂડ બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર પ્રભુત ધરાવે છે. ત્યારે દક્ષિણ ભારતીય ફિલ્મોનો ચાર્મ ફરી એકવાર દેશભરના સિનેમાઘરોમાં જોવા મળી રહ્યો છે.

ઋષભ શેટ્ટીની ફિલ્મ ×કાંતારા ચેપ્ટર ૧'' એ રિલીઝ થતાં જ બોક્સ ઓફિસ પર એવી ધમાલ મચાવી દીધી છે કે બાકીની બધી ફિલ્મોની ગતિ ધીમી પડી ગઈ છે. દરમિયાન, ×સની સંસ્કારી કી તુલસી કુમારી'' અને ×જોલી એલએલબી'' જેવી મોટી બોલિવૂડ ફિલ્મો આ સમય દરમિયાન રિલીઝ થઈ હતી.

ઋષભ શેટ્ટી આ ફિલ્મનું દિગ્દર્શન જ નથી કરતા, પરંતુ મુખ્ય ભૂમિકા ભજવીને વાર્તાને જીવંત પણ બનાવે છે. ફિલ્મની સિનેમેટોગ્રાફી, બેકગ્રાઉન્ડ સ્કોર અને લોકકથા આધારિત કથાવસ્તુએ દર્શકોને મંત્રમુગ્ધ કર્યા છે. ફિલ્મે રિલીઝના પહેલા દિવસે ૬૧.૮૫ કરોડની કમાણી કરીને રેકોર્ડ બનાવ્યો હતો.

માત્ર બે અઠવાડિયામાં, તેનું બોક્સ ઓફિસ કલેક્શન ૪૮૫.૨૮ કરોડ પર પહોંચી ગયું છે. ગુરુવારે, ફિલ્મે ૮.૮૭ કરોડનું કલેક્શન કર્યું, જેનાથી તેની કુલ કમાણી ૪૮૫.૨૮ કરોડ થઈ ગઈ.

ફિલ્મ વિવેચકો માને છે કે ×કાંથારા ચેપ્ટર ૧'' માત્ર એક ફિલ્મ નથી, પરંતુ એક સાંસ્કૃતિક અનુભવ છે જેણે દક્ષિણ ભારતીય સિનેમાને નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે. હવે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ ફિલ્મ આગામી દિવસોમાં ૫૦૦ કરોડ ક્લબમાં જોડાશે અને ૨૦૨૫ ની સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મોમાંની એક બનશે.

વરૂણ ધવન અને જાહ્નવી કપૂરની જોડી ફરી એકવાર રોમેન્ટિક શૈલીમાં પડદા પર પાછી ફરી છે, પરંતુ તે દર્શકોના દિલને સંપૂર્ણપણે જીતી શકી નથી.હળવા કૌટુંબિક નાટક તરીકે રજૂ કરાયેલી આ ફિલ્મે પહેલા અઠવાડિયામાં સારી શરૂઆત કરી હતી, પરંતુ બીજા અઠવાડિયામાં તેની ગતિ ધીમી પડી ગઈ.ગુરુવારે, ફિલ્મે ૫૫.૦૯ કરોડની કમાણી કરી. એકંદરે, ફિલ્મે બે અઠવાડિયામાં ૫૫.૦૯ કરોડની કમાણી કરી છે. સાન્યા મલ્હોત્રા અને રોહિત શરાફની હાજરી છતાં, ‘સની સંસ્કારી કી તુલસી કુમારી‘ને ‘કાંતારા ચેપ્ટર ૧‘ જેવી કઠિન સ્પર્ધાનો સામનો કરવો પડે છે.

તેલુગુ સુપરસ્ટાર પવન કલ્યાણની ×ધે કોલ હિમ ઓઝી'' ફિલ્મે દર્શકોને ઉત્સાહ અને એક્શનથી ભરી દીધા છે. ફિલ્મનું ત્રીજું અઠવાડિયું ભલે ધીમું રહ્યું હોય, પરંતુ અત્યાર સુધીમાં તેનું કુલ કલેક્શન ૧૯૨.૬૯ કરોડ સુધી પહોંચી ગયું છે. ગુરુવારે ફિલ્મે ૨૮ લાખની કમાણી કરી હતી.

પવન કલ્યાણની શક્તિશાળી સ્ક્રીન હાજરી, એક્શન સિક્વન્સ અને પ્રભાવશાળી સંવાદો ફિલ્મને એક શક્તિશાળી મનોરંજક બનાવે છે. પ્રિયંકા મોહન અને અર્જુન સરજા અભિનીતની સાથેની જુગલબંધી પણ દર્શકોને ખૂબ પસંદ આવી.


**HINDUJA HOUSING FINANCE**

**કોર્પોરેટ ઓફિસ : નંબર ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ, સૈદાપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૫.**

**બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્ફ્કો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા પાસે, સેટલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.**

સૌરભકુમાર નાપીત મો. ૮૭૯૯૦ ૨૯૩૮૪, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો. ૭૦૪૮૩૩૬૬૦૧, સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮ શિવમ મીશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭, ત્રીશુલ પટેલ મો. ૯૯૬૪૬૯૨૯૨૩ E-mail auction@hindujahousingfinance.com

**સરફેસી એક્ટ હેઠળ સિક્યોર્ડ અસ્ક્યામતોની ખાનગી સંધિ ( Private Treaty )દ્વારા વેચાણ**

હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારી તરીકે નીચે હસ્તાક્ષરિત વ્યક્તિએ SARFAESI એક્ટના હેઠળ શેડ્યૂલ પ્રોપર્ટીનો કબજો લઈ લીધો છે. સામાન્ય રીતે જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે શેડ્યુલમાં ઉલ્લેખિત સુરક્ષિત મિલકત ખાનગી સંધિ દ્વારા વેચાણ માટે ઉપલબ્ધ છે, જે "જેમ છે તે પ્રમાણે છે" અને " જ્યાં જે છે તે પ્રમાણે છે" પર તેના લેણાંની વસૂલાત માટે HHFLને સંમત છે. ખાનગી સંધિ દ્વારા મિલકતના વેચાણ માટેના માનક નિયમો અને શરતો નીચે મુજબ છે : ૧. ખાનગી સંધિ દ્વારા વેચાણ “જ્યાં છે તે પ્રમાણે” અને “જેમ છે તે પ્રમાણે” પર રહેશે. ૨. ખરીદદારે એચએચએફએલ દ્વારા પ્રોપર્ટીની ખરીદી માટે ઓફરની સ્વીકૃતિ મળ્યાના આગલા કામકાજના દિવસે વેચાણની વિચારણાના ૨૫% અને બાકીની રકમ ત્યારપછીના ૧૫ દિવસની અંદર જમા કરાવવાની રહેશે. ૩.ખરીદદારે ઓફર કરેલી રકમના ૧૦% અરજી સાથે જમા કરાવવાની રહેશે જે ઉપરોક્ત કલમ (૨) મુજબ કરવામાં આવનાર ડિપોઝિટના ૨૫% સામે એડજસ્ટ કરવામાં આવશે. ૪. ઉપરોક્ત કલમ (૨) હેઠળ જરૂરી રકમ મોકલવામાં નિષ્ફળતા અરજી સાથે ચૂકવેલ રકમના ૧૦% સહિત પહેલાથી ચૂકવેલ રકમની જપ્તીનું કારણ બનશે. ૫. HHFL દ્વારા ખરીદીની ઓફરનો સ્વીકાર ન કરવાના કિસ્સામાં, અરજી સાથે ચૂકવેલ ૧૦% રકમ કોઈપણ વ્યાજ વગર પરત કરવામાં આવશે. ૬. HHFL ને જાણીતી હોય કે અજાણી હોય તે તમામ વર્તમાન અને ભાવિ બોજો સાથે મિલકત વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારી / સિક્યોર્ડ લેણદાર કોઈપણ તૃતીય–પક્ષના દાવાઓ / અધિકારો / લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. ૭. ખરીદદારે તેના સંતોષ માટે મિલકત (ખાનગી સંધિ દ્વારા વેચાણ હેઠળ) સંબંધિત તમામ પાસાઓ પર યોગ્ય ધ્યાન રાખવું જોઈએ. ખરીદનાર પછીની તારીખે આ સંબંધમાં અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર સામે કોઈપણ દાવો કરવા માટે હકદાર રહેશે નહીં. ૮. HHFL કોઈપણ કારણ આપ્યા વિના ખરીદીની કોઈપણ ઓફરને નકારવાનો અધિકાર અનામત રાખે છે. ૯. એક કરતાં વધુ ઓફરના કિસ્સામાં, HHFL સૌથી વધુ ઓફર સ્વીકારશે. ૧૦. રસ ધરાવતા પક્ષો વધુ વિગતો/સ્પષ્ટતા માટે અને તેમની અરજી સબમિટ કરવા માટે અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે. ૧૧. ખરીદદારે મિલકતની ખરીદીના સંદર્ભમાં તમામ સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી અને અન્ય ખર્ચાઓ, કર, ફરજો ભોગવવા પડે છે. ૧૨. વેચાણ SARFAESI એક્ટ/નિયમોની જોગવાઈઓ અનુસાર થશે. ૧૩. સિક્યોર્ડ ક્રેડિટર હિન્દુજા હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ સદરહુ સિક્યોર્ડ અસ્ક્યામતનો નિકાલ કરવાનુ નક્કી કરેલ છે. **વેચાણની આ નોટિસ આજે પ્રકાશિત થયેલ છે જે નીચેની વિગતની સિક્યોર્ડ અસ્ક્યામતોનું તા. ૦૪-૧૧-૨૦૨૫ ના રોજ હિન્દુજા હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ, બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્ફ્કો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા પાસે, સેટલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫. ખાતે વેચાણ કરવાનું નક્કી કરેલ છે.**

| | ઉધારકર્તાઓ, અને સહ-ઉધારકર્તાઓ,અને જમીનદારો ના નામ અને લોન ખાતા નં. | અનામત કિંમત | મિલકતનું શેડ્યૂલ વર્ણન (સુરક્ષિત સંપત્તિનો ભાગ) |
|---|---|---|---|
| ૧ | ઉધારકર્તા : શ્રી નાગજીજી ઠાકોર સહ-ઉધારકર્તા : શ્રીમતી કાજલબેન ઠાકોર A/c No. GJ/MSN/MSNA/A000000206 | રૂા. ૧૦,૦૦,૦૦૦/- અંકે રૂા. દસ લાખ પુરા | ગુજરાત રાજ્યના મહેસાણાના નોંધણી જિલ્લામાં મહેસાણાના સબ રજિસ્ટ્રેશન જિલ્લામાં જોરનાંગની સિમ તા. અને જિ. મહેસાણાના બ્લોક/સર્વે નં. ૮૩, જુના બ્લોક/સર્વે નં. ૧૧૯૦ માં સ્થિત ૩૦.૦૩ ચોરસ મીટર માપવાળો પ્લોટ નં. ૬૮, માર્જિન જમીન ૨૨.૭૪ ચોરસ મીટર, કુલ ૫૨.૭૭ ચોરસ મીટર માપવાળો પ્લોટ, જે . હાલમાં કાજલબેન નાગજીજી ઠાકોરની માલિકી અને કબજો છે, અને નીચે મુજબ સીમા ધરાવે છે: પૂર્વ જૂનો બ્લોક/સર્વે નં. ૧૧૯૨., પશ્ચિમ ૬.૦૦ મીટર પહોળો આંતરિક માર્ગ, ઉત્તર પ્લોટ નં. ૬૯., દક્ષિણ પ્લોટ નં. ૬૭. |

**સ્થળ :** મહેસાણા **તારીખ : ૧૮–૧૦–૨૦૨૫** **અધિકૃત અધિકારી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**



**જાહેર નોટીસ**

**શ્રી એ.બી.પરમાર એકઝીક્યુટીવી મેજિસ્ટ્રેટ, સુઈગામની કોર્ટમાં**

**નં.જન્મ-મરણ/નોંધણી/એસ.આર.નં.૮૭/૨૦૨૫**

**અરજદાર : શ્રી બળવંતભાઈ રાયચંદભાઈ ઠાકોર રહે. સોનેથ, તા. સૂઈગામ**

**વિરૂદ્ધ સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, સોનેથ ગ્રામ પંચાયત, તા.સુઈગામ**

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩ (૩) મુજબ જન્મ નોંધણી કરવા બાબત..**

**આથી તમામ લાગતા વળગતા ઈસમોને આ જાહરે નોટીસથી જાણ કરવામાં આવે છેકે, અજદારશ્રી બળવંતભાઈ રાયચંદભાઈ ઠાકોર, રહે. સોનેથ, તા. સુઈગામ નાઓએ તેમના પુત્રી નામે બંસરીબેનનો જન્મ તા.૧૮/૦૮/૨૦૧૯ના રોજ થયેલ છે. તેની નોંધણી અંગે જે કોઈને વાંધો યા તકરાર હોય તો તેમણે અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં જાતે અથવા પોતાના વકીલ મારફત હાજર રહેવું. તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો તેમની ગેરહાજરીમાં કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ સર્વેએ લેવી.**

**આજ રોજ તા. ૧૬/૧૦/૨૦૨૫ના સહી તથા સિક્કો કરી આપ્યો.**

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | (એ.બી. પરમાર) |
|---|---|---|---|
| ઈ.ચા. પી.એન. પ્રજાપતિ | પી.એન.ગઢવી | કોર્ટનો સિક્કો | એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| કલાક | નાયબ મામલતદાર (મહેસુલ) | | સુઈગામ |

**જાહેર નોટીસ**

**શ્રી એ.બી.પરમાર એકઝીક્યુટીવી મેજિસ્ટ્રેટ, સુઈગામની કોર્ટમાં**

**નં.જન્મ-મરણ/નોંધણી/એસ.આર.નં.૮૬/૨૦૨૫**

**અરજદાર : શ્રી માનસંગભાઈ સવદાનભાઈ ઠાકોર રહે. સોનેથ, તા. સૂઈગામ**

**વિરૂદ્ધ સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, સોનેથ ગ્રામ પંચાયત, તા.સુઈગામ**

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩ (૩) મુજબ જન્મ નોંધણી કરવા બાબત..**

**આથી તમામ લાગતા વળગતા ઈસમોને આ જાહરે નોટીસથી જાણ કરવામાં આવે છેકે, અજદારશ્રી માનસંગભાઈ સવદાનભાઈ ઠાકોર, રહે. સોનેથ, તા. સુઈગામ નાઓએ તેમના પુત્રી નામે કિંજલબેનનો જન્મ તા.૨૩/૦૭/૨૦૧૦ના રોજ થયેલ છે. તેની નોંધણી ગ્રામ પંચાયત સોનેથ તા. સૂઈગામ ખાતે થયેલ નથી. અંગે જે કોઈને વાંધો યા તકરાર હોય તો તેમણે અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં જાતે અથવા પોતાના વકીલ મારફત હાજર રહેવું. તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો તેમની ગેરહાજરીમાં કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ સર્વેએ લેવી.**

**આજ રોજ તા. ૧૬/૧૦/૨૦૨૫ના સહી તથા સિક્કો કરી આપ્યો.**

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | (એ.બી. પરમાર) |
|---|---|---|---|
| ઈ.ચા. પી.એન. પ્રજાપતિ | પી.એન.ગઢવી | કોર્ટનો સિક્કો | એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| કલાક | નાયબ મામલતદાર (મહેસુલ) | | સુઈગામ |


### બનાસકાંઠામાં સંકલન-ફરિયાદ નિવારણ સમિતિની બેઠક:સાંસદો-ધારાસભ્યોના પ્રશ્નો પર ચર્ચા, કલેક્ટરે આપ્યા સૂચનો

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૭

બનાસકાંઠા જિલ્લા કલેક્ટર મિહિર પટેલની અધ્યક્ષતામાં પાલનપુર ખાતે કલેક્ટર કચેરીના મિટિંગ હોલમાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાંસદો અને ધારાસભ્યો દ્વારા વિવિધ વિભાગોને પૂછવામાં આવેલા પ્રશ્નો તેમજ અધિકારીઓ દ્વારા અપાયેલા જવાબો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.કલેક્ટરે બેઠકમાં મળેલી વિવિધ રજૂઆતો બાબતે સંબંધિત અધિકારીઓ પાસેથી કામની પ્રગતિનો અહેવાલ ચકાસ્યો હતો અને જરૂરી સૂચનાઓ તથા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ખાસ કરીને, ખાણ ખનીજ, રોડ રસ્તા અને નેશનલ હાઈવે સંબંધિત રજૂઆતોના ઝડપી નિરાકરણ માટે જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સંબંધિત વિભાગો અને અધિકારીઓ સાથે સંકલન સાધીને કામગીરી ઝડપથી પૂર્ણ કરવા કલેક્ટર મિહિર પટેલે ભારપૂર્વક જણાવ્યું હતું.

## ચાર - ચાર મોટા સમાજમાંથી આવતા ધારાસભ્યોને મંત્રીમંડળમાં સામેલ ન કરાતા પોસ્ટમોર્ટમ શરૂ..

# વિશ્વકર્માના વિશાળ સંમેલનના બે દિવસમાં જ રાજકોટને સરકારના 'રામ રામ' : જુથવાદે દિવાળી બગાડી

**સંગઠન અને ચૂંટાયેલા લોકો વચ્ચે મતભેદો, જાહેરમાં થયેલી આક્ષેપબાજીઓએ પણ શહેરની છાપ બગાડી**

**હવે જનતાથી માંડી ખુદ ભાજપના શાસકોએ સરકારમાં રજુઆતો માટે અન્ય મંત્રીઓના છેડા લગાડવા પડશ**

**ચારે ધારાસભ્યો વચ્ચે સંકલનનો અભાવ પાર્ટીએ જોઇ લીધો : નવા પ્રમુખના દિલમાં રાજકોટ હતુ-નેતાઓ નહીં!**

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત સરકારના મંત્રીમંડળમાંથી દિવાળી પૂર્વે રાજકોટનું સરનામુ વિખાઇ ગયું છે. રાજકોટમાંથી ચાર-ચાર ધારાસભ્યો ચૂંટાયા છે, એક ધારાસભ્ય કેબીનેટ મંત્રી રહી ચુકયા છે અને ચારેય લોકો તોતીંગ બહુમતી સાથે ચુંટાવાનો રેકોર્ડ ધરાવે છે.

આમ છતાં રાજકોટનું નામ મીનીસ્ટ્રીના રેકોર્ડમાંથી ભાજપે જ દુર કરી નાંખતા શહેર ભાજપમાં ચાલતા જુથવાદ, ધારાસભ્યો વચ્ચે સંકલનના અભાવ, સંગઠનના પ્રમુખો સહિતના હોદેદારો સાથે બેફામ વર્તન, સૌ સૌની રીતે ચાલવાની નીતિ પણ નડી ગયાનું તારણ નીકળે છે.

હજુ બે દિવસ પહેલા ગુજરાત ભાજપના નવનિયુકત પ્રમુખ જગદીશ વિશ્વકર્મા (પંચાલ) રાજકોટ આવ્યા હતા અને ભાજપે રેસકોર્સ મેદાનમાં જોરદાર કાર્યકર સંમેલન યોજયું હતું. આ સંમેલનમાં વિશ્વકર્મા રાજકોટ ભાજપ પર આફ્રિન પોકારી ગયા હતા.

નવા જુના નેતાઓને યાદ કરીને કાર્યકરોની મહેનતને સલામ કર્યા હતા. આ સંમેલનના બે દિવસમાં જ મંત્રીમંડળમાંથી રાજકોટનું નામ દુર થઇ જતા છેલ્લા લાંબા સમયથી ચાલતા જુથવાદ અને તે કારણે સરકાર અને કમલમમાં રાજકોટ ભાજપની છાપ સારી રહી નથી તે વાત પણ સાબિત થઇ ગઇ છે.

ત્રણ મહિના બાદ રાજકોટ મહાપાલિકાની ચૂંટણી આવી રહી છે. ગત ચૂંટણીમાં ભાજપે ૭૨માંથી ૬૮ બેઠક જીતીને મનપામાં ઐતિહાસિક બહુમતી મેળવી હતી. આ વખતે આટલુ સલામત વાતાવરણ લાગતું નથી. આપ પણ એન્ટ્રી કરવા મથે છે. જોકે ગત કોર્પો. અને ધારાસભાની ચૂંટણીમાં આપની ભૂમિકા માત્ર કોંગ્રેસના મત કાપવા પૂરતી રહી હતી. પરંતુ આ પાંચ વર્ષમાં ઘણા સંજોગો બદલાયા છે.

મહાપાલિકા અને શહેર ભાજપ સંગઠનમાં અમુક લોકોના કારણે જુથવાદના મુળ ઉંડા થયા છે. માત્ર રાજકોટ નહીં સમગ્ર સૌરાષ્ટ્રની ચૂંટણીઓનું સફળ સંકલન કરનાર પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઇ રૂપાણીની ખોટ હવે કાયમ સાલવાની છે. વિજયભાઇ વગરની આ પ્રથમ ચૂંટણી આવવાની છે. આજે મંત્રીમંડળની રચનામાં પણ રાજકોટને કોઇ મહત્વ ન મળતા સંખ્યાબંધ નેતાઓને વિજયભાઇ યાદ આવ્યા છે.

રાજકોટ મનપાની બીજી ટર્મમાં ખુબ વિવાદ થયા છે. ભ્રષ્ટાચારના આક્ષેપો થયા છે. જોકે આવી વાતમાં તથ્ય હોય તો આવા ભ્રષ્ટાચાર તો સિસ્ટેમેટીક રીતે ભાજપમાં હ્લપાર્ટી લાઇન' ગણીને



ચાલતા જ રહ્યા છે. વર્તમાન પદાધિકારીઓ વચ્ચે સંકલનનો અભાવ હોવાથી અવારનવાર આક્ષેપો થતા રહ્યા છે. ખુદ પાર્ટીના લોકો આક્ષેપો કરે છે. પરંતુ હવે ચૂંટણી નજીક આવતા મામલો શાંત પડવા લાગ્યો છે.

છતાં આજે મંત્રીમંડળની રચનામાં આ જુથવાદ અને રાજકોટ ભાજપની ખરડાયેલી છબી ચોકકસ નડી છે તેવું મોટો વર્ગ કહે છે. જગદીશ વિશ્વકર્મા પદ સંભાળ્યા બાદ ભાજપના હેડ કવાર્ટર જેવા રાજકોટ આવ્યા હતા.

તેમણે રાજકોટની ધરતીને નમન કરીને નેતાઓના યોગદાનને યાદ કર્યુ હતું. પરંતુ રાજકોટ ભાજપની હાલત કેવી છે તેના રિપોર્ટ કમલમમાં પડેલા જ હોય તેમ રાજકોટની પ્રધાન પદ અપાવવા માટે કોઇનો આગ્રહ ચાલ્યો નથી તે પણ હકીકત છે.

રાજકોટમાંથી કેબીનેટ મંત્રી તરીકે ભાનુબેન બાબરીયાએ અત્યાર સુધી કામગીરી કરી છે. પરંતુ છેલ્લા થોડા મહિનામાં મત વિસ્તારમાં તેમની સામે કેટલાક વિરોધ અને ફરિયાદોના વિવાદ થયા હતા. આ બાદ વિસ્તરણ વખતે કેબીનેટમાંથી ભાનુબેનની વિદાય થશે તેવી વાત વહેતી થઇ હતી. આથી અન્ય ત્રણ ધારાસભ્યના દાવા મજબુત થયા હતા.

હવે એકંદરે સરકારની વર્તમાન ટર્મમાં રાજકોટના ચારે ધારાસભ્યોએ એક બનીને રાજકોટના પ્રશ્નોની સામુહિક રજુઆતો કરી હોય તેવું બહુ લોકોના ધ્યાનમાં આવ્યું નથી. ઉદયભાઇ કાનગડની રાજકોટ-૬૮માં કામગીરી નોંધપાત્ર રહી છે. દર્શિતાબેન શાહ રાજકોટ પશ્ચિમના એકટીવ ધારાસભ્ય રહ્યા છે. ભાનુબેનનું હેડકવાર્ટર ગાંધીનગર જ થઇ ગયું હતું. તો રમેશભાઇ ટીલાળા સરળ ધારાસભ્ય તરીકે કામ કરતા આવ્યા છે. સૌ ધારાસભ્યો પોતપોતાના પ્રશ્નો અને તેમના કામો અંગે રજુઆત કરતા હતા. પરંતુ સમુહમાં રાજકોટ માટે સરકાર કે સંગઠનમાં મળતા રહ્યા હોય તેવું ઓછું બન્યું છે. માત્ર રાજકોટની વાત કરીએ તો સત્તા અને સંગઠન વચ્ચે પણ ખટરાગ ચાલતો હતો. પૂર્વ પ્રમુખ હોય કે વર્તમાન પ્રમુખ, સાંસદ સહિતના ચૂંટાયેલા લોકો અવારનવાર પ્રમુખને ઝાટકવા સહિતના કામ કરી ચુકયા છે. પૂર્વ પ્રમુખને તો ટુંકાગાળામાં બદલવામાં આવ્યા હતા. પ્રમુખોને મીટીંગમાં પણ ખીજાવાના કામ થયા છે. સીનીયર હોય કે જુનીયર, હોદાની ગરીમા જળવાતી નહીં હોવાની કમલમ અને સરકારમાં થયેલી ફરિયાદના પડઘા પણ રાજકોટની બાદબાકીમાં દેખાઇ રહ્યા છે.

હવે હાલત એવી થઇ છે કે રાજકોટના કોઇ મહત્વના પ્રશ્ને હવે અન્ય મત વિસ્તારના મંત્રીઓનો છેડો શોધવો પડશે. અગાઉની ટર્મમાં રાજકોટમાંથી બે-બે પટેલ ધારાસભ્યો ચૂંટાયા હતા. આ વખતે એક માત્ર લેઉવા પટેલ ધારાસભ્ય છે.છતાં સરકારમાં કોઇનું પ્રતિનિધિત્વ મહાનગરમાંથી રહ્યું નથી. વિજયભાઇ રૂપાણીની વિદાય બાદ રાજકોટને આજે મંત્રીમંડળમાંથી રૂખસદ અપાતા આ બીજી મોટી ખોટ ચૂંટણી પૂર્વે રાજકીય સમીક્ષકો જોઇ રહ્યા છે.

# બિહાર ચૂંટણીમાં ગુજરાતના ૧૦ IAS સને ચૂંટણી નિરીક્ષક તરીકે મુકવામાં આવ્યા

અમદાવાદ,તા.૧૭

બિહારમાં બે તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાશે. ગુજરાતમાંથી ૧૦ આઈએએસ અધિકારીઓની ચૂંટણી નિરીક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી હતી. મિલિન્દ તોરવણે, રાહુલ ગુપ્તા, રાજેશ માંજુ, રાજકુમાર બેનિવાલ, આલોક કુમાર પાંડે, સંદિપ જે સાંગલે, ધવલકુમાર પટેલ, નાગરાજન એમ, વી જે રાજપૂત અને ડો. હર્ષિત પી ગોસાવીની નિમણૂક કરવામાં આવી હતી.

આ દસ આઈએસની ગેરહાજરીમાં અનુક્રમે રાજેન્દ્ર કુમાર, સંજીવ કુમાર, બી એ શાહ, રેમ્યા મોહન, જેનુ દેવન, આઈ આર વાળા, પી સ્વરૂપ, રતનકંવર એચ ગઢવીચારણ, વી કે જાદવ, નીતિન સાંગવાન ચાર્જ સંભાળશે.

બિહારમાં વિધાનસભાની કુલ ૨૪૩ બેઠકો છે. જેમાંથી જનતા દળ (જેડીયુ) ૧૦૧ બેઠકો પર ચૂંટણી



લડશે, ભારતીય જનતા પાર્ટી ૧૦૧ બેઠકો પર ચૂંટણી લડશે, લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) ૨૯ બેઠકો પર, હિંદુસ્તાની આવામ પાર્ટી ૬ બેઠકો પર અને રાષ્ટ્રીય લોક મોર્ચો પાર્ટી ૬ બેઠકો પર વિધાનસભાની ચૂંટણી લડશે.

બિહારમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. ૬ નવેમ્બરે પહેલા ચરણમાં મતદાન થશે અને ૧૧ નવેમ્બરે બીજા ચરણમાં મતદાન યોજાશે. જ્યારે ૧૪મી નવેમ્બરે મતગણતરી કરવામાં આવશે.

બિહાર વિધાનસભા ચૂંટણી પર નજર કરવામાં આવે તો, આ વખતે ૯૦,૭૧૭ મતદાન મથકોનો વધારો થયો છે. વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં ૭.૪૨ કરોડ મતદાતાઓ મતદાન કરવાના છે.

જેમાં ૪ લાખથી પણ વધારે વરિષ્ઠ નાગરિકો પણ મતદાન કરવાના છે. જેમની ઉંમર ૧૦૦ વર્ષ કરતા પણ વધારે હોય તેવા ૧૪,૦૦૦ મતદાતાઓ બિહારમાં છે. આ સાથે જે લોકો પહેલી વખત મતદાન કરવાના છે તેવા મતદાતાઓની સંખ્યા ૧૪ લાખથી પણ વધારે છે.

# ગુજરાત હાઈકોર્ટમાં ચેરિટી કમિશનર સંબંધિત અરજી પાછી ખેંચવાની મંજૂરી, અરજદારો પર રૂ.૧ લાખનો દંડ

અમદાવાદ,તા.૧૭

ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ નીખિલ એસ. કારિયેલની એક ખંડપીઠે ભાવનગરની ચેરિટી કમિશનરની કચેરીમાં પ્રેક્ટીસ કરતા ૭૦ વર્ષીટ એડવોકેટ અને અન્ય વિરુદ્ધ રાજય સરકાર કેસમાં મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે.

કોર્ટે અરજદારોને ચેરિટી કમિશનરની કચેરીના પ્રિસાઈડીંગ ઓફિસરો વિરૂધ્ધ આક્ષેપો કરીને તેમની સામે કાર્યવાહી કરવાની અરજી શરતી રીતે પાછી ખેંચવાની મંજૂરી આપી હતી પરંતુ તેમની વિરુદ્ધ કડક શબ્દોમાં ટિપ્પણીઓ કરી છે અને બન્નેને રૂ?.૧-૧ લાખનો દંડ ફટકાર્યો છે.

આ અરજીમાં અરજદારો દ્વારા ચેરિટી કમિશનના અધિકારીઓ વિરુદ્ધ વિવિધ આક્ષેપો કરવામાં આવ્યા હતા. પરંતુ કોર્ટે નિરિક્ષણ કર્યુ કે આ અરજી અધિકારીઓને દબાણ




હેઠળ લાવવાનો પ્રયાસ હોવાનું જણાય છે અને અરજદારોની કોઈ વ્યક્તિગત અથવા કાનૂની ફરિયાદ ન હોવા છતાં અરજી દાખલ કરવામાં આવી હતી.

ન્યાયાલયે નોંધ્યું કે, અરજદાર નંબર ૧ એક વકીલ છે, જેઓને ૩૦ વર્ષનો અનુભવ છે અને તેઓ આશરે ૭૦ વર્ષના છે. અરજદાર નંબર ૩ ટ્રસ્ટી છે. બંનેએ અદાલતને વિનંતી કરી કે અરજી બનિશરતી રીતે પાછી ખેંચવાની મંજૂરી આપવામાં આવે.

અદાલતે કહ્યું કે, અરજદારો દ્વારા દાખલ અરજી કોર્ટના કિંમતી સમયનો દુરુપયોગ છે અને ક્વાઝી ન્યાયિક અધિકારીઓની કાર્યપદ્ધતિ પર અનાવશ્યક રીતે સવાલ ઉઠાવવામાં આવ્યા છે.

તેના આધારે, હાઈકોર્ટે નીચેના આદેશો આપ્યા હતા કે, અરજદારોને અરજી પાછી ખેંચવાની મંજૂરી આપવામાં આવે છે પરંતુ અરજદાર નં. ૧ અને ૩ પર રૂ?.૧,૦૦,૦૦૦ (એક લાખ) દંડ ફટકારવામાં આવ્યો છે, જે ચાર અઠવાડિયામાં હાઈકોર્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી પાસે જમા કરાવવાનો રહેશે.

બંને અરજદારોને ચાર અઠવાડિયામાં અદાલતમાં શપથપત્ર આપવાનો રહેશે કે તેઓ ભવિષ્યમાં આવો પ્રકારની અરજી અથવા આક્ષેપો સંબંધિત કોઈ ફરિયાદ દાખલ નહીં કરે. ભવિષ્યમાં જો તેઓ કોઈ નવી અરજી કે કાનૂની કાર્યવાહી કરશે.જેમાં ન્યાયિક અધિકારીઓ વિરુદ્ધ આક્ષેપો હશે, તો આ આજનો આદેશ તેની સાથે જોડવો ફરજિયાત રહેશે. કેસની આગામી સુનાવણી ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ કોર્ટમાં રાખવામાં આવી છે જેથી દંડ અને એફિડેવીટ તેઓ દ્વારા રજૂ કરાઈ હતી તેનું પાન કરવામાં આવ્યુ છે તેની જાણકારી આપવાની રહેશે.

# માયાના સંસર્ગમાં આવવું જ પડે છે. માયાને પકડવી પડે પણ તેને અગ્નિની પેઠે વિવેકરૂપી સાણસીથી પકડજો



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



આજથી દિવાળી પર્વની શરૂઆત ગુજરાતના નવા મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી સાથેની સરકારના શાસનમાં થઈ ત્યારે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઈએ તો પાપ પહેલું આંખ વાટે આવે છે. આંખ બગડી એનું મન બગડ્યું. મન બગડયું એનું જીવન બગડ્યું.એનું નામ બગડ્યું રાવણની આંખ બગડેલી તો હંમેશ માટે તેનું નામ બગડેલું રહ્યું છે.માટે કામને આંખ માં આવવા દેશો નહીં. આંખમાં નહીં આવી શકે તો કામ મનમાં આવશે નહીં. મનુષ્ય શરીરથી નહીં,આંખ અને મનથી વધારે પાપ કરે છે.એથી વગર પ્રયોજને કોઈને આંખ આપવી નહીં. આંખ માં રામ રાખો તો કામ મનમાં આવશે નહીં.અજામિલ પેલી બાઈને પોતાને ઘરે લઈ આવ્યો. એક પાપમાંથી બીજું પાપ આવે છે તેમ અજામિલ દુરાચારમાં આગળ વધ્યોને પાપાચાર કરવા લાગ્યો.ચોરી પણ કરવા લાગ્યો. લૂંટ પણ કરે છે.એક વખત કેટલાક સાધુઓ ફરતા ફરતા અજામિલને ઘરે આવ્યા. તેમણે ભિક્ષા માગી.બાઈએ તેમને અનાજ આપ્યું.

દુશ્ચરિત્રનું અન્ન લેવાની શાસ્ત્રે ના પાડી છે,પણ સાધુઓ બાઈને જાણતા ન હતા એટલે તે અન્નની રસોઈ કરી સાધુઓ જમ્યા.તે પછી અજામિલે સાધુઓનેપ્રણામ કર્યા.સાધુઓ કહે છે,તારા ઘરેથી ભોજન મળ્યું,પણ દક્ષિણા મળી નહીં!અજામિલ કહે,હું તમને લૂંટી લેતો નથી એ જતમારી દક્ષિણાછે હું કોઈ સાધુને પૈસા આપતો નથી બીજું કાંઈ માગો તો આપું.

સાધુની ભાવના એ કે જેનું ખાધું એનું કલ્યાણ થાઓ.એટલે તેમણે કહ્યું, તારા ઘરે જે પુત્ર આવે તેનું નામ નારાયણ રાખજે. આ અમે માગ્યું!

અજામિલને ત્યાં પુત્રજન્મ થયો. એનું નામ નારાયણ રાખ્યું. છેલ્લી સંતતિમાં માતાપિતાને વિશેષ પ્રેમ હોવાથી અજામિલ વારંવાર નારાયણને બોલાવે છે.આમ નારાયણ નામની ટેવ પડી.

અતિશય પાપી,અતિકામી,પૂરું આયુષ્ય ભોગવી શકે નહીં. અજામિલનું બાર વર્ષનું આયુષ્ય બાકી હતું,તેમ છતાં યમદૂતો લેવા આવ્યા. અજામિલનો મૃત્યુ કાળ નજીક આવ્યો.પોતાના સૌથી નાના પુત્ર નારાયણમાં તે અતિ આસક્ત એટલે પોતાના પુત્રનું નામ દઈને તે બોલવા લાગ્યો, નારાયણ,નારાયણ.છેલ્લા સંતાન માં મા-બાપનું મન વિશેષ ફસાય છે.રોજની આદત પ્રમાણે અજામિલ નારાયણ, નારાયણ એમ બે વખતબોલ્યો.તેનો દીકરોનારાયણ તો આવ્યો નહીં,પણ વિષ્ણુદૂતો આવ્યા વિષ્ણુદૂતો યમદૂતોને કહે કે, આને છોડી દો.એ પાપી છે, પણ તેણે ભગવાનનું નામ લઈ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું છે.તેનાં થોડાં પાપ બળી ગયાં છે. હવે તેને જીવવા દ્યો.તેના આયુષ્ય ના બાર વર્ષ હજુ બાકી છે.

યમદૂતો કહે છે કે,અજામિલ નારાયણ,નારાયણ કરતો હતો, પણ તે વૈકુંઠવાસી નારાયણ નહીં. એના છોકરાનું નામ નારાયણ છે. એ તો એના દીકરા નારાયણને બોલાવતો હતો.ત્યારે વિષ્ણુદૂતો કહે છે, અજાણતાં પણ પ્રભુનું નામ તેના મુખેથી નીકળ્યું છે. અજાણતાં પણ પગ અગ્નિ ઉપર પડે તો પણ અગ્નિ બાળે છે,પગ દાઝે છે. તે પ્રમાણે અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો કલ્યાણ થાય છે. અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો તેનું ફળ મળે છે. ઉતાવળે કરેલા ભોજનથી ભલે સ્વાદનો અનુભવ ન થાય,પણ ભૂખ તો ભાંગે જ છે એમ અજાણપણે પ્રભુનું નામ પણ પાપનો નાશ કરે જ છે. અજામિલ ભલે પોતાના પુત્રને ઉદ્દેશીને નારાયણ,નારાયણ બોલ્યો, પણ એ બહાને તેણે બે વખત ભગવાનનું નામ તો લીધું ને! ગમે તેવા દુરાચારીનો ઉદ્ધાર કરવાની ભગવાનમાં તાકાત છે.

આ બાબતમાં ભાગવત બિલકુલ સ્પષ્ટ છે.તે કહે છે કે,જાણવા વાળાઓ જાણે છે કે,સંકેતમાં, પરિહાસમાં,આલાપમાં અથવા કોઈની અવહેલના કરવામાં પણ જો કોઈ ભગવાનના નામોનું સ્મરણ કરે છે તો તેનાં સઘળાં પાપો નષ્ટ થઈ જાય છે.જે મનુષ્ય પડતી વખતે,પગ લપસી પડે ત્યારે,અંગભંગ થાય ત્યારે, સાપ ડંસે ત્યારે,તાવમાંસપડાયેલો હોય ત્યારે,ચોટ લાગે ત્યારે વગેરે સમયે વ્યાકુળ બની'હરિહરિ'કહી ભગવાનના નામનું ઉચ્ચારણ કરે છે,તે નરકની યાતનાને પાત્ર રહેતો નથી.

પડતી વખતે, કાંઈ નુકસાન થાય ત્યારે હાય હાય ન કરો,હરિ હરિ કરો.ઘરમાં દૂધ ઉભરાય ત્યારે માતાજી હાય હાય કરે છે. હાય હાય કરે શું વળવાનું હતું?તેને બદલે હરિ હરિ કરો! અનાયાસે યજ્ઞનું ફળ મળશે.બાકી કોઈ અગ્નિને આહુતિ આપવાના નથી. હાયમાં સહેજ ફેરફાર કરી હરિ હરિ કહો.આથી અનાયાસે નામ સ્મરણ થશે,હરિના નામનો જપ થશે

એક ઋષિ હતા જે ઘાટના કિનારે બેસીને દરરોજ બૂમ પાડતા, ×તમને જે જોઈએ તે મળશે!× ઘણા લોકો ત્યાંથી પસાર થતા, પણ કોઈએ તેમની તરફ ધ્યાન આપ્યું નહીં, અને બધાએ તેમને ગાંડા માન્યા. એક દિવસ, એક યુવાન ત્યાંથી પસાર થયો અને ઋષિનો અવાજ સાંભળ્યો, ×તમને જે જોઈએ તે મળશે!× તે તરત જ તેમની પાસે ગયો.

તેણે ઋષિને પૂછ્યું, ×સાહેબ, તમે કહેતા હતા, 'તમને જે જોઈએ તે મળશે,'તો શું તમે મને જે જોઈએ તે આપી શકો છો?×

ઋષિએ તેમની વાત સાંભળીને કહ્યું, ×હા, દીકરા, હું તમને જે જોઈએ તે ચોક્કસ આપીશ. તમારે ફક્ત મારું પાલન કરવું પડશે.પણ પહેલા,મને કહો કે તમે શું ઈચ્છો છો.× યુવાને કહ્યું, ×મારી એક જ ઈચ્છા છે. હું એક મહાન હીરા વેપારી બનવા માંગુ છું.× ઋષિએ કહ્યું, ×કોઈ વાંધો નહીં. હું તમને એક હીરા અને એક મોતી આપીશ.તેમની મદદ થી, તમે ઈચ્છો તેટલા હીરા અને મોતી બનાવી શકો છો!×અને આટલું કહીને,ઋષિએ તે માણસ ની હથેળી પર હાથ મૂક્યો અને કહ્યું, ×બેટા, હું તને દુનિયાનો સૌથી કિંમતી હીરા આપી રહ્યો છું. લોકો તેને 'સમય' કહે છે. તેને તારી મુઠ્ઠીમાં મજબૂતીથી પકડી રાખ અને તેને ક્યારેય ગુમાવીશ નહીં. તું તેમાંથી ગમે તેટલા હીરા બનાવી શકે છે.×

યુવાન હજુ વિચારી રહ્યો હતો ત્યારે ઋષિએ પોતાની બીજી હથેળી લીધી અને કહ્યું,×બેટા, આને પકડી રાખ.આ દુનિયાનું સૌથી કિંમતી મોતી છે. લોકો તેને 'ધીરજ' કહે છે.જયારે પણ સમય આપવા છતાં પરિણામ ન મળે, ત્યારે આ કિંમતી મોતીને પકડી રાખ.યાદ રાખો, જેની પાસે આ મોતી છેતે દુનિયામાં કંઈપણપ્રાપ્ત કરી શકે છે.×યુવકે ઋષિના શબ્દો પર ગંભીરતાથી વિચાર કર્યો અને સંકલ્પ કર્યોકે આજથી તે ક્યારેય પોતાનો સમય બગાડશે નહીં અને હંમેશા ધીરજથી કામ કરશે.આ વિચારને ધ્યાનમાં રાખીને, તેણે એક મોટા હીરાના વેપારી માટે કામ કરવાનું શરૂ કર્યું અને,તેની મહેનત અને પ્રામાણિકતા દ્વારા, એક દિવસ પોતે એક મોટો હીરાનો વેપારી બન્યો.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વના મંત્રી મંડળમાં સામેલ નાયબ મુખ્યમંત્રી તથા મંત્રીઓની શપથવિધિ સંપન્ન

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા નવા વરાયેલા મંત્રીઓમાં ૫ કેબિનેટ મંત્રીઓ, રાજ્યકક્ષાના 3 મંત્રીઓ અને રાજ્યકક્ષાના ૧૨ મંત્રીઓનો સમાવેશ કરાયો

### રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મંત્રીશ્રીઓને મહાત્મા મંદિર પરિસરમાં ગૌરવશાળી સમારોહમાં શપથ ગ્રહણ કરાવ્યા

### કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, ઋષિકેશભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળીયા તથા રાજ્ય કક્ષાના પરષોત્તમભાઈ સોલંકીને વર્તમાન મંત્રીમંડળમાં યથાવત રાખવામાં આવ્યા



ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવરતજીએ મંત્રીઓને શપથ લેવડાવ્યા



હર્ષ સંઘવી બન્યા ગુજરાતના નાયબ મુખ્યમંત્રી : ૪૦ વર્ષીય યુવા હર્ષ સંઘવી સુરતના મજુરાના ધારાસભ્ય છે કેબિનેટ મંત્રી તરીકે જીતુભાઈ વાઘાણી (ભાવનગર પશ્ચિમ)અને નરેશ પટેલ (ગણદેવી) એ શપથ લીધા



રાજ્યકક્ષાના મંત્રી તરીકે પી.સી.બરંડા (ભિલોડા), સ્વરૂપજી ઠાકોર (વાવ) અને રિવાબા જાડેજા (જામનગર ઉત્તર) એ શપથ લીધા



રાજ્યકક્ષાના મંત્રી તરીકે કૌશિક વેકરીયા (અમરેલી), પ્રવીણકુમાર માળી (ડીસા) અને જયરામભાઈ ગામિત (નિઝર) એ શપથ લીધા



કેબિનેટ મંત્રી તરીકે અર્જુન મોઢવાડીયા (પોરબંદર) અને ડો.પ્રદ્યુમન વાજા (કોડીનાર) બોરસદના ધારાસભ્ય રમણભાઈ સોલંકીએ શપથ લીધા : પ્રથમ વખત બન્ને મંત્રી બન્યા



કેબિનેટ મંત્રી તરીકે અર્જુન મોઢવાડીયા (પોરબંદર) અને ડો.પ્રદ્યુમન વાજા (કોડીનાર) બોરસદના ધારાસભ્ય રમણભાઈ સોલંકીએ શપથ લીધા : પ્રથમ વખત બન્ને મંત્રી બન્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વના મંત્રીમંડળમાં નવા સમાવિષ્ટ થયેલા નાયબ મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રીઓને હોદ્દા અને ગોપનિયતાના શપથ ગ્રહણ કરાવ્યાં હતાં.

આ શપથવિધિ સમારોહમાં રાજ્યપાલશ્રી સમક્ષ નાયબ મુખ્યમંત્રીશ્રી તરીકે શ્રી હર્ષ સંઘવી તથા રાજ્ય મંત્રીમંડળના કેબિનેટ કક્ષાના ૫ અને રાજ્ય કક્ષાના સ્વતંત્ર હવાલો ધરાવતાં ૩ તથા રાજ્ય કક્ષાના ૧૨ પદનામિત મંત્રીશ્રીઓએ ઈશ્વરના નામે શપથ લીધાં હતાં.

કેબિનેટ મંત્રી તરીકે શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી, શ્રી નરેશભાઈ પટેલ, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, ડૉ. પ્રદ્યુમ્નભાઈ વાજા અને શ્રી રમણભાઈ સોલંકીએ હોદ્દો અને ગુપ્તતાના શપથ લીધા હતા.

રાજ્યકક્ષાના (સ્વતંત્ર પ્રભાર) ધરાવતા મંત્રી તરીકે શ્રી ઈશ્વરસિંહ પટેલ, શ્રી પ્રફુલ્લ ભાઈ પાનસેરીયા તથા શ્રીમતી મનિષા વકીલે શપથ ગ્રહણ કર્યા હતાં.

જ્યારે રાજ્યકક્ષાના મંત્રી તરીકે શ્રી કાંતિલાલ અમૃતિયા, શ્રી રમેશભાઈ કટારા, શ્રીમતી દર્શનાબહેન વાઘેલા, શ્રી કૌશીકભાઈ વેકરીયા, શ્રી પ્રવિણકુમાર માળી, ડૉ. જયરામભાઈ ગામીત, શ્રી ત્રિકમભાઈ છાંગા, શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી સંજયસિંહ મહિડા, શ્રી પી.સી. બરંડા, શ્રી સ્વરૂપજી ઠાકોર અને શ્રીમતી રિવાબા જાડેજાએ રાજ્યપાલશ્રી સન્મુખ શપથ ગ્રહણ કર્યા હતાં.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના કેબનેટ મંત્રીઓ સવશ્રી કનુભાઈ દેસાઈ, ઋષિકેશભાઈ પટેલ, કુંવરજી ભાઈ બાવળીયા તથા રાજ્યકક્ષાના શ્રી પરષોત્તમભાઈ સોલંકીને આ નવા મંત્રીમંડળમાં યથાવત રાખવામાં આવ્યાં છે.

આ શપથ વિધિ સમારોહમાં ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રીશ્રી જગતપ્રકાશ નડ્ડા, ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી જગદીશ વિશ્વકર્મા, કેન્દ્રીય મંત્રી સવશ્રી મનસુખ માંડવીયા,સી. આર. પાટીલ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, વરિષ્ઠ અગ્રણીઓ, સાધુ સંતો અને સમાજના વિવિધ વર્ગોના અગ્રણીઓ તથા અધિક મુખ્ય સચિવશ્રીઓ, અગ્ર સચિવશ્રીઓ, પોલીસ મહાનિદેશકશ્રી તેમજ વિશાળ સંખ્યામાં શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય સચિવ શ્રી પંકજ જોષીએ આ શપથવિધિ સમારોહનું સંચાલન કર્યું હતું.

# ગુજરાતના નવા મંત્રી મંડળમાં વુમન પાવર : 3 મહિલા ધારાસભ્યોને મંત્રીપદ, કેબીનેટ રેક્ન કોઈને નહીં

### વડોદરા શહેર (અનામત બેઠક)ના ધારાસભ્ય મનીષા વકીલ શિક્ષણ - રાજકીય અનુભવનું મિશ્રણ : રિવાબા જાડેજા યુવા નેતા - સામાજિક કાર્યકર - જામનગર ઉત્તરનું પ્રતિનિધિત્વ : દર્શના વાઘેલા અમદાવાદ જિલ્લાના અનુભવી નેતા

(ગરવી તાકાત) ગાંધીનગર,તા.૧૭

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીએ મહિલા સશક્તિકરણના ઉદ્દેશ્ય સાથે નવનિયુક્ત મંત્રીમંડળમાં ત્રણ મહિલા ધારાસભ્યોને સ્થાન આપીને રાજ્યની રાજનીતિમાં મહિલાઓના પ્રતિનિધિતને મજબૂત બનાવ્યું છે.






વડોદરાના અનુભવી નેતા મનીષા વકીલની સાથે જ જામનગર ઉત્તારના રીવાબા જાડેજા અને અમદાવાદના દર્શના વાઘેલાને મંત્રીમંડળમાં સમાવેશ કરીને અનુભવ અને યુવા ઊર્જાનું સંતુલન જાળવવામાં આવ્યું છે.

આ ત્રણેય મહિલા નેતાઓ રાજ્યના વિવિધ પ્રદેશોનું પ્રતિનિધિત કરે છે, જે પ્રાદેશિક સંતુલન જાળવવામાં અને વિવિધ સમાજની મહિલાઓના મુદ્દાઓને સરકાર સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે.

મનીષા વકીલ : મનીષા વકીલ શિક્ષણ અને રાજકીય અનુભવનું સંમિશ્રણ છે તેઓ વડોદરા શહેર (અનામત બેઠક)ના ધારાસભ્ય છે. તેમણે એમ.એ., બી.એડ.(અંગ્રેજી સાહિત્ય) અને પીએચ.ડી. સુધીનો અભ્યાસ. રાજકારણમાં પ્રવેશતા પહેલા બ્રાઈટ ડે સ્કૂલમાં શિક્ષિકા અને સુપરવાઈઝર તરીકે ફરજ બજાવી હતી.

તેઓ વર્ષ ૨૦૧૨, ૨૦૧૭ અને ૨૦૨૨માં સતત ત્રણ વખત ચૂંટણી જીત્યા છે. ૨૦૨૨ની ચૂંટણીમાં ૧,૩૦,૭૦૫ મતોના મોટા માર્જિનથી જીત મેળવી હતી.તેઓ ૨૦૨૧માં પ્રથમ વખત મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી બન્યા હતા. બાદમાં ૨૦૨૫ના નવા મંત્રીમંડળમાં ફરી સ્થાન મેળવ્યું છે.

રીવાબા જાડેજા : યુવા નેતા અને સામાજિક કાર્યકર છે. જામનગર ઉત્તરના ધારાસભ્ય છે તેઓ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (ૅ)માંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં સ્નાતક છે. (ર્મ્ઈ). પિતા હરદેવ સિંહ સોલંકી ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર છે.મહિલા સશક્તિકરણના ઉદ્દેશ્યથી 'માતૃશક્તિ ચેરિટેબલ ટ્રસ્ટ' નામનું દ્રર્ઈ શરૂ કર્યું છે. વર્ષ ૨૦૧૯માં ભાજપમાં હતઉફ જોડાયા. અગાઉ કરણી સેનાના સભ્ય તરીકે ફિલ્મ 'પદ્માવત'ના વિરોધમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને બાદમાં કરણી સેનાની મહિલા વિંગના વડા બન્યા હતા.ભારતીય ક્રિકેટર રવીન્દ્ર જાડેજા સાથે ૨૦૧૬માં લગ્ન કર્યા છે અને તેમને એક પુત્રી છે.

દર્શના વાઘેલા:એક અનુભવી નેતા છે. અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિ (SC) સમુદાય માટે અનામત અસારવા મતવિસ્તારના ધારાસભ્ય છે. બી.કોમ. (ર્મ્.ઝ્રદ્બ.) સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલો છે.રાજ્યની રાજનીતિમાં પ્રવેશતા પહેલા અમદાવાદ મહાનગરપાલિકા (છસ્ઝ્ર)માં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને બે વખત (એક-એક વર્ષના કાર્યકાળ માટે) અમદાવાદના પૂર્વ ડેપ્યુટી મેયર તરીકે સેવા આપી ચૂક્યા છે.

૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ ૨૦૨૫ના મંત્રીમંડળમાં તેમને સ્થાન મળવાથી અમદાવાદ શહેરનું પ્રતિનિધિત મજબૂત બન્યું છે.મુખ્યમંત્રીના આ નિર્ણયથી ગુજરાતની મહિલાઓને રાજકીય અને સામાજિક ક્ષેત્રે આગળ વધવાનો મજબૂત સંદેશ મળ્યો છે, સાથે જ પ્રાદેશિક અને અનુભવી પ્રતિનિધિતનું સંતુલન જળવાયું છે.

## ભાજપે ત્રણ ધારાસભ્યને લાયક ન ગણ્યા અને કેબીનેટ મંત્રીને ગેરલાયક ઠેરવ્યા : કોંગ્રેસના પ્રહાર

# ભ્રષ્ટાચારના અખાડાને ભાજપે જ જાકારો આપ્યો, હવે જનતા જાકારો આપશે : રાજગુરૂ, વાઘેલા, રાજાણી

ગાંધીનગર તા. ૧૭

પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનિલ રાજયગુરૂ, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, પૂર્વ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, વિપક્ષ નેતા વશરામભાઈ સાગઠીયાએ એક નિવેદનમાં મંત્રીમંડળમાંથી રાજકોટનો કાંકરો નીકળી ગયો અને ભ્રષ્ટાચાર, હુંસાતુંસીના કારણે જેને ભાજપે જાકારો આપ્યો તેને હવે જનતા જાકારો આપશે તેવી આગાહી કરી છે.



કોંગી નેતાઓએ નિવેદનમાં જણાવ્યું છે કે, ગુજરાત સરકારના મંત્રીમંડળના પુનઃગઠનમા પ્રદેશ ભાજપ દ્વારા જે રીતે રાજકોટ શહેરમાંથી એકપણ ધારાસભ્યને લાયક ન ગણી સરકારમાં પ્રધાન બનાવવામા આવ્યા નથી અને એકમાત્ર કેબિનેટ કક્ષા મહીલા પ્રધાન શ્રીમતિ ભાનુબેન બાબરીયાને ગેરલાયક ઠેરવવામા આવ્યા છે.

ઈતિહાસમાં પહેલી વખત રાજકોટ શહેર લાયકાત વગર ચુંટાયેલ ધારાસભ્યના કારણે મંત્રીમંડળમા પ્રતિનિધિત્વ વિહોણુ થયુ છે કેશુબાપા ચિમનકાકા વિજયભાઈ અને વજુભાઈ વાળા જેવા દિગ્જ નેતાઓ અને દેશના હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યાંથી ચુંટાયેલ એ રાજકોટ શહેરના એકપણ ધારાસભ્ય મંત્રી મંડળને લાયક રહ્યો નથી એવો સ્પષ્ટ સંદેશ ભાજપ ના શિરસસ્થ નેતૃત્વએ આપી દીધો છે.

આગામી દીવસોમાં આવા નેતાઓને રાજકોટની જનતા પણ અયોગ્ય ઠેરવી ભ્રષ્ટાચાર મુક્ત રાજકોટ તાનાશાહી મુક્ત રાજકોટની ટ્રાફિક સમસ્યાઓ, ગુન્હાખોરી, રોજિંદા પ્રશ્નો, ભ્રષ્ટાચારના મામલે જાકારો આપશે તેમ જણાવ્યું છે.

## પાર્ટીએ મને 30 વર્ષની ઉંમરે જવાબદારી સોપી હતી : જયેશ રાદડીયા

# નવા મંત્રીમંડળમાં સમાવેશ ન થતા જયેશ રાદડીયાએ કહ્યું - કોઈ નારાજગી નથી

ગાંધીનગર તા.૧૭

ગુજરાત વિધાનસભાના આજે જાહેર થયેલા નવા મંત્રીમંડળમાં જયેશ રાદડીયાના નામની લોકોમાં ચર્ચા અને આશા હતી પરંતુ નવા મંત્રીમંડળમાં તેમનો સમાવેશ નહોતો થયો.



આ મામલે તેમણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે મને મંત્રીમંડળમાં સ્થાન ન મળ્યાથી કોઈ નારાજગી નથી. આ તો એમ થયું કે પાર્ટી મને મંત્રી પદ આપે તો ખુશ થાઉ અને ન આપે તો નારાજ થાઉં પણ ખરેખર એવું નથી.

રાદડીયાએ જણાવ્યું હતું કે પાર્ટીએ મારામાં વિશ્વાસ કરી મારી ૩૦ વર્ષની વયે મંત્રી પદની જવાબદારી સોંપી હતી. ૧૦ વર્ષથી મે પાર્ટીમાં કામ કર્યુ છે. મંત્રી પદ ન મળવાથી કોઈ નારાજગી નથી.

પાર્ટીએ જે જવાબદારી મને સોંપી છે તેનું કામ કર્યું છે. હું પાર્ટીથી રાજીનામુ આપ્યુ છે. પાર્ટીએ નવા મંત્રીમંડળમાં ઝોનવાઈઝ પ્રાધાન્ય આપ્યું છે. હહું તમામ નવા મંત્રીઓને અભિનંદન પાઠવું છું.

# સંક્ષિપ્ત સમાચાર

## વાવ-થરાદ જિલ્લા તલાટી મહામંડળના પ્રમુખ તરીકે રામભાઈ દેસાઈની વરણી




(ગરવી તાકાત) વાવ તા.૧૭

આજરોજ બનાસકાંઠા જિલ્લા તલાટી મહામંડળના નેજા હેઠળજિલ્લા પંચાયત પાલનપુરના સભાખંડમાં બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લાના તલાટી મહામંડળની સંયુક્ત કારોબારી બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં નવીન બનેલા વાવ-થરાદ જિલ્લા તલાટી મહામંડળના પ્રમુખ તરીકે શ્રી રામભાઈ દેસાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવી.★

રામભાઈ દેસાઈ પ્રામાણિકતા, સાદગી અને સૌને સાથે લઈને ચાલવાની ખ્યાતિ ધરાવતા એક જમીનિ સ્તરથી જોડાયેલા કર્મચારી આગેવાન અને સામાજિક નેતા છે.

હાલમાં રામભાઈ દેસાઈ ગુજરાત રાજ્ય તલાટી મહામંડળના મહામંત્રી,ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના પ્રતિનિધી, તેમજ ગુજરાત રાજ્ય પંચાયત કર્મચારી મહાસંઘના ઉપપ્રમુખ તરીકે પણ સેવારત છે.સાથે જ તેઓ સામાજિક ક્ષેત્રે પણ ઉત્કૃષ્ટ સેવાકાર્ય કરી રહ્યા છે.

રામભાઈ દેસાઈની વાવ-થરાદ જિલ્લા તલાટી મહામંડળના પ્રમુખ તરીકે વરણી થતા તલાટી મિત્રો, કર્મચારી મિત્રો તેમજ સામાજિક આગેવાનોમાં અતિ આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી છે.

તેમની સ્વચ્છ છબી, કર્મચારીઓના હિત માટેની અવિરત લડત,અને સકારાત્મક નેતૃત્વ શૈલીને કારણે સૌએ રામભાઈ દેસાઈને શુભેચ્છા અને અભિનંદનની અવિરત વર્ષા વરસાવી છે.

## દિવાળી પહેલાં સુરક્ષાની તકેદારી : ઇડર સરપ્રતાપ હાઈસ્કૂલ મેદાન ખાતે પ્રાંત અધિકારીએ ફટાકડા બજારની મુલાકાત લઇ જરૂરી માર્ગદર્શન આપ્યું



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના ઇડર સરપ્રતાપ હાઈસ્કૂલ મેદાન ખાતે પ્રાંત અધિકારીશ્રી રોનકભાઈ પટેલના અધ્યક્ષસ્થાને દિવાળી ૨૦૨૫ નિમિત્તે હંગામી ફટાકડા બજારની સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

અધિકારીશ્રીની ટીમે ફટાકડા બજારની સ્થળ મુલાકાત લઈ દુકાનદારો સાથે મુલાકાત કરી ફાયર ર્દ્બઝ્ર, આગ નિવારણનાં પગલાં, અને સલામતીના માપદંડો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રાંત અધિકારીશ્રીએ દુકાનમાલિકોને ફટાકડાની હેન્ડલિંગ, સ્ટોરેજ અને વેચાણ દરમિયાન સલામતીના નિયમોનું કડક પાલન કરવા સૂચના આપી હતી.તેમણે નાગરિકોને પણ ફટાકડા ફોડતી વખતે સાવચેતી રાખી આનંદપૂર્વક અને સલામત રીતે તહેવાર ઉજવવાની અપીલ કરી હતી.

આ પ્રસંગે પોલીસ ઈન્સપેક્ટર, ચીફ ઓફિસર, ફાયર ઈન્સપેક્ટર સહિતના સંબંધિત અધિકારીઓ હાજર રહ્યા હતા.

## રાજ્ય સરકારે આઝાદીના ૭૫ - વર્ષ બાદ વિજયનગર ખાતે ST ડેપો માટે ૪.૧૦ કરોડની દિવાળી ભેંટ




વિજયનગર તાલુકા મથકે ST ડેપો બનાવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ઈ - ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી ૪.૧૦ કરોડની ફાળવણી કરી વિજયનગર તાલુકાની જનતાને દિવાળી ભેંટ આપી વષો પુરાણી માગણી આઝાદીના ૭૫-વર્ષ બાદ સંતોષતાં તાલુકાની જનતામાં આનંદ છવાયોછે.

આદિવાસી અને અંતરિયાળ વિજયનગર તાલુકાના મથકે અત્યાર સુધીમાં એસ.ટી.સ્ટેન્ડની સુવિધા ન હોઈ તાલુકાની પ્રજાજનોને ભારે મુશ્કેલી વેઠવી પડી રહી હતી. જેને લઈને તાલુકાના આગેવાનોએ સ્થાનિક ધારાસભ્ય અને રાજ્ય કક્ષાએ અનેક રજૂઆતો કરવામા આવતા ખેડબ્રહ્મા વિધાનસભાના ધારાસભ્ય ડૉ.તુષાર ચૌધરીએ લોકોની માગણીને લઈને મુખ્ય મંત્રીને સતત ધારદાર રજૂઆત કરી હતી. ત્યારે આ મામલે વિજયનગરના અગ્રણી નેતા અને પૂર્વ.ભાજપ મહામંત્રી ઈશ્વરભાઈ પટેલ તથા કોગ્રેસ સમિતિના પ્રમુખ રાજેન્દ્ર ડોન, અને તાલુકાના આગેવાનોએ પણ અનેક રજૂઆતો અને આંદોલન માર્ગ અપનાવ્યો હતો. અને કેન્દ્રની સરકારમાં પાંચ હજાર પોસ્ટ કાર્ડ લખી ડેપોની માગણી કરવામાં આવી હતી.વિજયનગર તાલુકા મથકે જી્ ડેપો માટે ભાજપ સહિત સર્વ પક્ષીય નેતાઓ દ્વારા ઉગ્ર લડત સાથે કરવામાં આવેલી. માગણીઓને લઈને રાજ્ય સરકારે પણ માગણીને ધ્યાને લઈ ડેપો માટે જમીન સંપાદન કરી બસ સ્ટેશનના બાંધકામ માટે ૪.૧૦ કરોડની ફાળવણી કરી છે. આ ડેપો માટે ઈ.ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ છે. રાજ્ય સરકારે આઝાદીના ૭૫- વર્ષ બાદ તાલુકાની જનતાને દિવાળી ભેંટ આપી ડેપોની માગણી માંગ સંતોષીછે.

Volume : 11 Issue : 186 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002